જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૧/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૬,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૩૦/૧૮**

**રામોલ :** હેમંતભાઇ ગુલાબરાવ ચૌધરી(ઉ.વ.૨૯) (રહે,દહિવેલ ચૌધરી ગલી, થાના: સાક્રી, તહસીલ: સાક્રી, જી.ધુળીયા, મહારાષ્ટ્ર) એ તા.૪/૧/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૭ થી તા.૨૦/૧૨/૧૭ દરમ્યાન શ્રીનાથ ટ્રેડીંગ ના માલિકે હેમંતભાઇને વિશ્વાસમાં લઈ, દેવનંદન સુપ્રીમસ દુકાન નંબર-૨૯ તથા દહિવેલ પીપનેળ રોડ ઉપર ઓમ ટ્રેડર્સ નામની હેમંતભાઇની દુકાનમાંથી મકાઇ નો જથ્થો કુલ ૨૧ ટન ૯૧૫ કિલો કિંમત રૂપિયા ૨,૭૦,૮૦૩/- નો ખરીદ કરી, તે પેટે ચુકવવાના થતાં રૂપિયા નહિ આપી, હેમંતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

**રોકડ ભરેલ થેલી ખેંચી લઇ ગયા :- સમાચાર યાદી નં.૩૧/૧૮**

**બાપુનગર :** કનૈયાલાલ હરીભાઈ પટેલ (ઉ.વ.૫૨)(રહે,ગુ.હા.બોર્ડ, શ્રીજી વિધ્યાલય સામે, બાપુનગર) તા.૦૪/૦૧/૧૮ ના કલાક ૧૦/૫૦ વાગ્યાના સુમારે બાપુનગર ચંન્દ્રપ્રસાદ દેસાઇ હોલના મેઇન ગેટ પાસે, અરવિંદપાર્ક સામે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કનૈયાલાલના હાથમાંથી રૂપિયા ૯૦,૦૦૦/- મુકેલ થેલી ખેચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કનૈયાલાલ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ચૌધરી ચલાવે છે.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨/૧૮</u>**

**ખોખરા :** રાજેશભાઇ રામનાથ વર્મા (ઉ.વ.૪૬)(રહે,ગણેશનગર અજય ટેનામેંટ વિભાગ-૪ ની સામે રબારી કોલોની અમરાઇવાડી) તા.૦૨/૦૧/૧૮ ના કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન જશોદાનગર ચાર રસ્તા કેડીલાબ્રીજ ચડતા રોડ ઉપર ઓટોરીક્ષામાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી રાજેશભાઇની નજર ચુકવી તેમ્ના બેગમાંથી કુલ રૂપિયા ૩૫,૫૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજેશભાઇ વર્માએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩/૧૮</u>**

**આનંદનગર :** ધ્રુવ સુજીતભાઇ સ્વામી(ઉ.વ.૨૫)(રહે,ભક્તિનગર રો-હાઉસ, ગૂરૂકુલ રોડ, મેમનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૧/૧૮ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે, ચિમનભાઇ કોલેજની સામેની બાજુ રોડ ઉપર પોતાના મોટર સાયકલ ઉપર મિત્ર હર્ષિલને બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક કાર નંબર ડી.ડી.૦૨.બી.૪૫૦૦ ના ચાલકે પોતાના કબ્જાની કારને પુરઝડપે, બેદરકારી તથા ગફલતભરી રીતે ચલાવી લાવી મોટર સાયકલને ટકકર મારતાં, ધ્રુવ ને શરીરે ઈંજાઓ કરી તથા તેના મિત્ર હર્ષિલને મોઢા તથા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં હર્ષિલનું મૃત્યુનીપજ્યુ હતુ આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**<u>ભુલથી એસીડ પી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪/૧૮</u>**

**ખોખરા :** નરેશભાઇ પાંચાભાઇ દંતાણી (ઉ.વ.૩૨)(રહે,જોગેશ્વરી નગર, હાટકેશ્વર અમરાઇવાડી) એ તા.૦૩/૦૧/૧૮ રાતના ૯/૪૦ વાગ્યાના સુમારે યાદવનગર ના ગેટ પાસે પાણી સમજી ભુલથી એસીડ પી જતા, સારવાર અર્થે તેમને વાડજ લક્ષ્મી હોસ્પીટલ ખાતે દાખલ કરતાં, સારવાર દરમ્યાન તા.૩/૧/૧૮ રાતના ૯/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૫/૧૮</u>**

**કૃષ્ણનગરઃ** આશાબા વા/ઓ દેવેંદ્રસિંહ જાડેજા (ઉ.વ.૨૫)(રહે,આકાશગંગા બંગ્લોઝ વિ-૨, સેન્ટમેરી સ્કુલની પાસે, નીકોલ રોડ, નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૧૮ બપોરના ૨/૦૦ થી સાંજનાં ૫/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધીગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.